# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# પ્રશ્નોત્તરી, તા. ૨૬-૩-૧૯૮૯
# શિકોહાબાદ, પ્રવચન નંબર P ૦૧

Version 1

અત્યારે આપણે ૭:૩૦ થી ૮:૧૫ સુધી ચર્ચા રાખી છે . સવારે પ્રવચન થાશે, ૮.૩૦ થી ૯.૩૦ સુધી. અત્યારે ચર્ચાનો સમય છે. કોઈ ભાઈ કે બહેનોને પ્રશ્ન હોય તો કરી શકે છે.

મુમુક્ષુ:- જેમ કાલે આપણે જ્ઞાન-ગોષ્ટીમાં વાંચ્યું હતું કે પર્યાય, પર્યાય માં... . .

ઉત્તર:- જ્ઞાન ગોષ્ટિમાં છે ને? કાલે લાવજો પુસ્તક, પુસ્તક લાવજો. સામે પુસ્તક હોય તો ખ્યાલ આવે કે શું છે?

મુમુક્ષુ:- પર્યાય સત્ છે, આ વાત છે.

ઉત્તર:- પર્યાય સત્ છે.

મુમુક્ષુ:- એમાં પરમાણુનો દ્રષ્ટાંત દીધો છે કે એની રંગ ગુણની પર્યાય છે, તે એક સમય પહેલા. રંગ ગુણ તો સાફ હતો

ઉત્તર:- ગુણ તો ત્રિકાલી છે. પણ એની પર્યાયમાં ફેરફાર થાય છે, ક્યારેક લાલ ક્યારેક સફેદ, ક્યારેક કાળી, તે શું છે? કેમ કે ગુણ તો સરખા (એક સમાન) હોય છે, બધા પરમાણુમાં. એક પરમાણુ છૂટું લેવું,, સ્કંધ નહીં. બે પરમાણુ લ્યો. એક પરમાણુમા જે ગુણ છે, એમ બીજા પરમાણુમા ગુણ છે. તો એક (પરમાણુની) ગુણની પર્યાય લાલ હોય છે, અને એ (બીજા પરમાણુની) ગુણની પર્યાય કાળી થઈ જાય છે. તો પર્યાયમા ફરક છે, ગુણમાં ફરક તો નથી. તો નક્કી થાય છે, કે પરિણામ ગુણથી નથી થતાં. પરિણામથી, પોતાની યોગ્યતાથી પરિણામ થાય છે. ગુણથી પરિણામ નથી થતાં. ગુણ અને દ્રવ્યથી જો પરિણામ થાય, તો બન્ને પરમાણુની અવસ્થા એક જેવી જ હોવી જોઈએ. સમજાણું?

એવો આ જીવ છે, જીવ, બધા આત્મા. તો એક આત્મામાં ક્રોધ થાય છે, બીજા આત્મામાં ક્ષમાનો ભાવ થાય છે. તો ગુણ તો સરખા (એક સમાન) છે, ગુણ તો સરખા (એક સમાન) છે. ચારિત્ર નામનો જે ગુણ છે, એની જે વિભાવ પર્યાય, ક્રોધનાં પરિણામ થયા તો પાપના પરિણામ થયા, અને ક્ષમાના પરિણામ થયા તો પુણ્યના પરિણામ, શુભભાવ થયા. તો બે જીવમાં ગુણ તો સરખા (એક સમાન) છે. ચારિત્ર નામનો ગુણ છે, સરખા છે, સમાન છે. ગુણ અને ગુણી સમાન હોય છે, અનાદિ-અનંત. ગુણમાં ક્યારે કોઈ ફેરફાર થતો નથી. ફેરફાર થાય છે, પરિણામમાં થાય છે. અને જેની દ્રષ્ટિ પરિણામ ઉપર છે, એને એવું લાગે છે કે મેં ક્રોધ કર્યો. અને અત્યારે મેં ક્રોધનો વ્યય કરીને ક્ષમા મેં કરી. તો પરિણામ ઉપર નજર (રાખવા) વાલા, તે મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે.

અને પરિણામ થવાથી પણ, પરિણામ તો યોગ્યતાનુસાર થાય છે. ક્રોધનાં પરિણામ આવ્યા. એકને ક્રોધનાં પરિણામ આવ્યા, તો તે માને છે કે મેં કર્યા. સાધકને ક્રોધનાં પરિણામ આવે છે, તો તે

જાણે છે. મારા ગુણથી, ગુણમાં શક્તિ નથી ક્રોધ કરવાની, શક્તિ છે જાણવાની. કરવાની શક્તિ નથી આત્મામાં. આત્મામાં જો કરવાની શક્તિ હોય, તો એકને ક્રોધ અને એકને ક્ષમા. એકને વેપાર, દાળનો વેપાર કરવાનો ભાવ આવે છે, બીજાને ભગવાનની ભક્તિ (કરવાનો) ભાવ આવે છે. બન્નેના ગુણ તો સમાન છે, ચારિત્ર નામનો ગુણ સમાન છે. તો સમાન ગુણ હોવાથી પણ, પરિણામમાં તફાવત (અંતર) લાગે છે, ફેરફાર લાગે છે. તો નક્કી થાય છે કે પરિણામ પોતાની યોગ્યતાથી થાય છે. પરિણામના કરતાં પરિણામ છે, એના ગુણ અને દ્રવ્ય નથી.

પોતાના ગુણ અને દ્રવ્યથી જ્યારે પરિણામ નથી થતાં, તો ચારિત્રમોહના ઉદયથી ક્રોધ થતો જ નથી. કેમ કે ચારિત્રમોહના ઉદય તો ભિન્ન તત્વ છે, અજીવ તત્વ છે, પુદગલ તત્વ છે. સમજાણું ? પોતાની જો પર્યાયમાં અપરાધ આવ્યો, દોષ આવ્યો, દોષ તો આવે છે, દોષ નથી આવતો, એવી વાત નથી. દોષ આવાથી પણ આત્મા નિર્દોષ રહે છે. શું કહ્યું? પર્યાયમાં દોષ આવાથી પણ ભગવાન આત્મા ત્રણે કાલ નિર્દોષ જ રહે છે. અત્યારે પરિણામની અંદર દોષ ચાલુ રહે છે, તેનું કારણ શું છે? પરિણામના દોષ ટાળીને પરિણામમાં નિર્દોષતા કેમ નથી આવતી? એ પ્રશ્ન થાય છે કે નહિ? એ પ્રશ્ન થાય છે.

તો એ દોષ મિથ્યાત્વનો દોષ, અજ્ઞાનનો દોષ, અનંતાનુબંધી ક્રોધ-માન-માયાનો લોભ (નો દોષ), એ ચાલુ કેમ રહે છે અનંત કાલથી? કેમ કે તે તો વિભાવ છે અને વિભાવને ટાળે, તો સંવર પ્રગટ થાય તો સુખ પ્રગટ થાય. બધાને સુખ ગમે. દૂ:ખને તો કોઈ ઇચ્છતા નથી. તો તેનું કારણ, દોષની પરંપરા ટુટતી કેમ નથી? કે દોષને કરવાવાળો આત્મા નહીં હોવાથી પણ, 'દોષને કરવાવાળો હું છું' તે જ દોષ છે. હું તો એને જાણવવાળો છું (જો એમ માને), તો દોષ ટળી જાશે. દોષને હું કરવાવાળો છું, તો દોષની પરંપરા ચાલું રહેશે.

એનો અર્થ એ છે કે પરિણામનો કર્તા પરિણામ છે, (જે એમ માને) એની દ્રષ્ટિ, નજર અકર્તા જ્ઞાયક ઉપર આવી જાય છે. ત્યાંનો ભાવ પહેલા આવે છે કે પરિણામનો કર્તા પરિણામ છે, પણ પરિણામનો કર્તા પરિણામ છે, ત્યાં લક્ષ કરવાથી આત્મા દ્રષ્ટિમાં નથી આવતો. ત્યાંથી હટીને હું અકર્તા છું. પરિણામનો કર્તા પરિણામ છે, હું તો જ્ઞાતા અકર્તા છું. તો પરિણામથી કર્તુત્ત્વબુધ્ધિ છુટી જાય છે, તો પરિણામમાં પલટો આવી જાય છે. મિથ્યાત્વની જગ્યાએ સમ્યગદર્શન થઈ જાય છે. અને અનંતાનુબંધી કષાયની જગ્યાએ સ્વરૂપાચરણચારિત્ર પ્રગટ થઈ જાય છે. અને દૂ:ખની જગ્યાએ થોડા અતીન્દ્રિય આનંદ પ્રગટ (થઈ જાય છે), (આનંદ) થોડો આવે છે, વધારે નથી આવતો. વધારે તો જ્યારે અંદરમાં જામી જાયને જ્યારે ચારિત્ર દશા આવી જાયને ત્યારે પુર્ણ આનંદ આવે છે.

દોષની પરંપરાનુ કારણ શું છે? કે હું દોષી છું. હું નિર્દોષ છું અને પરિણામમાં દોષ આવે છે, તે મારો સ્વભાવ નથી, તે તો વિભાવ છે, મારું કર્તવ્ય જ નથી. મારું કર્તવ્ય તો જાણવા-દેખવાનું છે. કરવાનું મારું કર્તવ્ય નથી. કાંઈ કરવાનું નહીં? અરે! જાણવું, એ કરવાનું નથી? જાણવું તે જ મોક્ષમાર્ગ છે, તે કરવાનું છે, આત્માને જાણવાનું, ક્રોધને જાણવાનું નથી, એ ખ્યાલ રાખવું. ક્રોધ હોય છે, એનું લક્ષ છોડીને ક્રોધથી ભિન્ન જ્ઞાનાનંદ પરમાત્મા જીવ તત્વ બિરાજમાન છે. આસ્રવ તત્વ વિધમાન છે, ત્યારે પણ જીવ વિધમાન છે. આસ્રવ અશુધ્ધ છે અને જીવ શુધ્ધ છે. ક્યારે? કે (જ્યારે)

આસ્રવ ઉત્પન્ન થાય છે ત્યારે. કેવો આસ્રવ? મિથ્યાત્વનો આસ્રવ જ્યારે હોય છે, ત્યારે જીવ શુધ્દ્ રહે છે. હું શુધ્દ્ છું, હું અશુધ્દ્ નથી. તો અશુધ્દ્ ટળીને પર્યાય શુધ્દ્ થઇ જાય છે.

આત્મા એક છે, એના પડખા બે છે. એક સામાન્ય અને એક વિશેષ. સામાન્યને દ્રવ્ય કહેવામાં આવે છે, ધ્રુવ. અને વિશેષને ઉત્પાદ-વ્યય પર્યાય કહીં. પર્યાયમાં દોષ આવે છે અને પર્યાયમાં દોષ ટળી જાય છે. દોષ ટળતો કેમ નથી? કે 'દોષને કરવાવાળો હું છું' તો દોષની પરંપરા ચાલે છે.

વાત તો સીધી-સાધી છે, વાત તો કાંઇ ન હતી પણ વાત-વાતમાં વાત વધી ગઈ અમારા પ્રેમચંદજી સાહેબ! દિલ્લીથી એક વાર આવ્યા. વારંવાર આવે છે. એમ એક વાર તેમણે કહ્યું- એક દ્રષ્ટાંત દીધું. સમજાણું? બે બાળક પડોશમાં લડતા હતાં. તો તેમાં મોટી લડાઈ થઇ ગઈ. પૂછ્યું, શું છે? તો કહે તે બાળક. અરે! બાળક લડે છે. કાહીં નથી, વાત વધી ગઈ. વાત તો કાહીં (છે જ નહીં) કયું શબ્દ છે?

મુમુક્ષુ:- વાત વધી ગઈ. વાતમાં વાત, વાત તો કાહીં પણ નથી.

ઉત્તર:- કાહીં પણ નથી. એમ આત્મા તો પરમાત્મા નિર્દોષ હતું. આત્મા તો નિર્દોષ હતું અને નિર્દોષ છે અને નિર્દોષ રહેશે ત્રણે કાળ. સમજાણું પણ પાછી વાત વધી ગઈ કેમ? કે એની નજર રાગ ઉપર છે. હું રાગી, હું રાગી, હું દ્વેષી, હું મોહી, હું મનુષ્ય, હું સ્ત્રી, હું પુરુષ. હું કર્મને બાંધવાવાળો હું છું અને કર્મને ભોગવાવાળો હું છું. દ્રષ્ટિ વિપરીત થઇ ગઈ એની. વાત-વાતમાં વાત વધી ગઈ.

મુમુક્ષુ:- વધી ગઈ વાતમાં વાત. વાત તો કાઇં પણ ન હતી.

ઉત્તર:- કાઈં પણ ન હતી. એટલું જ હતું, હું જાણવાવાળો છું, કરવાવાળો નથી હું. બસ થઈ ગઈ, સમાપ્ત વાત. હું તો જાણવાવાળો છું, કરવાવાળો નથી. આહાહા!

મુમુક્ષુ:- સ્પષ્ટીકરણ બહુજ ઊંચું તમે ફરમાવ્યું.

ઉત્તર:- વાત નાની છે. અજ્ઞાની જીવે વાત (ને) વધારી દીધી છે. આત્માનુ તો ભાન નથી એને અને એમાં વાત શું આવી ગઈ? કે સાધકને પણ નિશ્ચયની સાથે વ્યવહાર આવે છે, નિશ્ચયની સાથે વ્યવહાર આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રધ્દ્ધાનો ભાવ આવે છે. કરતો નથી, ધ્યાન રાખવું. તે ધ્યાન રાખવું, કરવાનું ભૂત નીકાળવાની વાત છે. આવે છે. ચોથા ગુણસ્થાનમાં એને યોગ્ય શુભભાવ આવે છે, એને જાણે છે. પાંચમા ગુણસ્થાનમાં વ્રત આવે છે, દેશવ્રતના ભાવ આવે છે, આવે છે, પણ ટકતા નથી, ચાલ્યા જાય છે. કેમ કે દ્રષ્ટિ જ્ઞાયક ઉપર છે, એને, જાણતા-જાણતા, જાણે છે તો ચાલ્યા જાય છે. પછી પાંચ મહાવ્રતના ભાવ પણ આવે છે, ભાવલિંગી સંતને. પાંચ મહાવ્રતના પરિણામને કરવાવાળા નથી. અમારા મુનિરાજ, આહાહા! તે અમારા મુનિરાજ છે, જો કરવાવાળા નથી, જાણવાવાળા છે. એકલા પાંચ મહાવ્રતને જાણવાવાળા તે પણ અમારા મુનિ નથી. આત્માને જાણતા-જાણતા પાંચ મહાવ્રતને જાણી લે છે. એસે મુનિવર દેખે વનમે જાંકે, રાગદ્વેષ નહીં મન મે મુનિદશા કોઈ અલોકિક વાત છે. આહાહા! મુનિને નથી માનતાં તે જૈન નથી.

મુમુક્ષુ:- ગુરુદેવ ફરમાવતા હતાં, એક વાર મુનિ કોને કહીએ? જેને અહીં-ત્યાં ના નમસ્કાર જિનવાણી સામર્થ છે.

ઉત્તર:- સામર્થ છે. હાલતા-ચાલતા (ચાલતા-ફરતા) સિધ્ધ છે, વિતરાગી મૂર્તિ છે. મુનિરાજ તો વિતરાગી પ્રતિમા છે. ઓહો! વિતરાગી મુનિ ભાવલિંગી સંત છેને, એમને આખા દિવસમાં તો નિંદર આવતી જ નથી. રાત્રિના પાછલા પહોરમાં પોણી સેકંડ માટે ઊંઘ (નિંદર) આવે છે. એક સેકંડ માટે જો ઊંઘ આવી જાય, પ્રમાદ, તો મુનિપદ રહેતું નથી. એવી વાત છે. બહારની સ્થિતિ (એવી), અંદરની તો શુધ્ધ ઉપયોગ, (તે) તો અલોકિક છે. એવી વાત છે

મુમુક્ષુ:- કેટલી સાવધાન દશા!

ઉત્તર:- ભાઇ! (મુનિની) સાવધાન દશા, પ્રમાદ દશા નથી. પ્રમાદ તો પાપ છે. પ્રમાદ તો પાપ છે. અપ્રમત દશા ધર્મ છે અને થોડી સાવધાની થઈ જાય બંધમાં, તો પુણ્ય છે, પુણ્ય છે. પુણ્ય તત્વ તો એની પાસે છે. પુણ્ય તત્વ પણ છે, સંવર તત્વ પણ છે. પણ પુણ્ય આવે છે, તો નિર્જરા માટે આવે છે, બંધ માટે આવતા નથી.

મુમુક્ષુ:- એ શું રહસ્ય છે?

ઉત્તર:- રહસ્ય છે. કે પુણ્યના માલિક નથી એટલે તેની નિર્જરા થઈ જાય છે. અજ્ઞાની પુણ્યના સ્વામી બન્ની જાય છે, કે મે મંદિર બનાવ્યું. અચ્છા! તે બનાવ્યું! મે દાન દીધું. તે સ્વામી બન્ની ગયો. તો એનાથી કર્મનો બંધ થઈ જાય છે. આહાહા! નિર્જરા નથી થતી અને પુણ્ય પાપના પરિણામ તો ચોથા ગુણસ્થાનમાં પણ આવે છે. ચક્રવર્તીને પણ. આવે છે કે નહીં? પાપના પરિણામ આવે છે. પણ પાપના પરિણામથી બંધ નથી હોતો, નિર્જરા હોય છે. અલ્પ બંધ હોય છે, તે ગૌણ છે. અલ્પ બંધ હોય છે, તે વાત ગૌણ છે. અનંત સંસારનુ કારણ એવા કર્મ બંધ નિમિત રૂપમાં નથી આવતુ. ઉપદાનમાં તો ભાવ આવતો જ નથી.

મુમુક્ષુ:- નિમિતમાં નથી આવતું- એનો શું મતલબ છે?

ઉત્તર:- એટલે જો પાપના પરિણામ આવે છે, જ્ઞાનીને પણ, એની એકતાલીસ કર્મની પ્રકૃતિની બંધ હોતો નથી. અલ્પ બંધ હોય છે. જે અલ્પ સંસારનુ નિમિત કારણ છે. અને ઉપદાનમાં પણ એવી યોગ્યતા છે કે વધારે કર્મની સ્થિતિ નહીં બંધાય, એવા જ પરિણામ આવી જાય છે. એવા નિમિત-નૈમિતિક સંબધ બન્ને છે, એના પણ એનાથી રહિત જ્ઞાતા છે. નિમિત-નૈમિતિક સંબધ પણ મારામાં નથી. મારા જ્ઞાનનું જ્ઞેય છે. કર્તાનુ કર્મ નથી- એવી વાત છે.

મુમુક્ષુ:- ક્ષાયિક સમ્યગદર્શનના પરિણામની પછી મિથ્યાદર્શનના પરિણામ કેમ નથી આવતા?

ઉત્તર:- નથી આવતા. ક્ષાયિક થઈ ગયોને, ક્ષાયિક થઈ ગયોને.

મુમુક્ષુ:- કેમ નથી આવતા? પરિણમન (તો) સ્વભાવ છે.

ઉત્તર:- પરિણમન સ્વભાવ છે, તો પરિણમન સ્વભાવ છે તો મિથ્યાત્વ આવી જાય, તો (પછી) સિધ્ધ ભગવાનને (પણ) પરિણમન સ્વભાવ તો છે, પણ (મિથ્યાત્વ ) આવી જાતું નથી. પરિણમન સ્વભાવ ભાઈ! દોષનું કારણ નથી. એક વાત સમજો! કે આત્માનુ પરિણમન જે સ્વભાવ છે, તે દોષ નથી. પરિણામમાં પરની સન્મુખતા - તે દોષ છે. અને પરિણામમાં આત્માની સન્મુખતા- તે તો ગુણ છે. પરિણમન સ્વભાવ દોષનુ કારણ નથી, કેમકે પરિણમન તો અરિહંત ભગવાનને પણ

હોય છે. સિધ્ધ ભગવાનને પણ હોય છે. અને મુનિરાજને પણ હોય છે અને ક્ષાયિક સમ્યકદ્રષ્ટિને પણ ક્ષાયિક પરિણામ તો હોય છે. પણ મિથ્યાત્વ આવતું નથી. કેમકે એની શ્રધ્ધામાં, આહાહા! હું કેવલ અકર્તા અને જ્ઞાયક જ છું-એવી ક્ષાયિક દશા એની થઈ ગઈ છે.

મુમુક્ષુ:- પરિણામ (ના) સહજ ષટ્કારકરૂપ પરિણમન હોય છે. પણ તમે કહિયું કે પરલક્ષથી મિથ્યાદર્શનના પરિણામ થયા. તો અત્યારે પરલક્ષ નથી, એ સમ્યગદર્શન પરિણામ છે. પણ પરિણામ તો તમે કહી રહ્યા છો (કે) ષટ્કારકરૂપ સ્વતંત્ર છે, ફરી લક્ષ કેમ આવ્યું એમાં?

ઉત્તર:- ના! લક્ષ, જ્યારે સ્વતંત્રપણે આત્મા પોતાના સ્વભાવથી ચ્યુત થઈ જાય છે, ચ્યુત થઈને અશુધ્ધ ઉપાદાન હોય છે, પ્રગટ. રાગ. તો રાગમાં નિમિત, પરનું લક્ષ હોય છે. રાગ (ની સમય પર્યાય) નુ લક્ષ આત્મા ઉપર નથી, એટલું બતાવું છે. રાગ હોય છે, તે તો સ્વતંત્ર પોતાની ઉપાદાન શક્તિથી થાય છે. પરિણમન શક્તિ હોવાથી પણ, એની યોગ્યતા છે, તો રાગ હોય છે. તો રાગ હોય છે તો એનું લક્ષ પર ઉપર હોય છે, સ્વ ઉપર હોતું નથી. જ્યારે વિતરાગ ભાવ પ્રગટ હોય છે, તો આત્માની ઉપર લક્ષ હોય છે. તો આત્માના લક્ષથી વિતરાગતા થઈ - એવું કહેવાય છે. અને દર્શનમોહની આશ્રયથી મિથ્યાત્વ થયું, એમ કહેવાય છે. ખરેખર તો નિરપેક્ષ મિથ્યાત્વ હોય છે. દર્શનમોહથી થયું -તે નિમિતનું કથન છે.

મુમુક્ષુ:- નિરપેક્ષ થયો હતો, પછી કેમ ન થયું, સમ્યગદર્શનની પછી?

ઉત્તર:- શું?

મુમુક્ષુ:- એનો એવો પ્રશ્ન છે કે પર્યાયનો કર્તા-પર્યાય છે. પર્યાયનો ષટ્કારક પર્યાય છે. પર્યાય, પર્યાયથી થાય છે -એક તરફ તો તમે આવું કહો છો.

ઉત્તર:- હાં!

મુમુક્ષુ:- અને બીજી તરફ (એમ) કહો છો કે પરના લક્ષથી રાગ થાય છે અને આત્માના લક્ષથી વીતરાગતા થાય છે-એને કેવી રીતે સમજવું જોઈએ?

ઉત્તર:- હાં! પહેલા તો તમે નિરપેક્ષ સમજો.

મુમુક્ષુ:- હાં! નિરપેક્ષ જ સમજવું છે. સાહેબ!

ઉત્તર:- પછી સાપેક્ષ લો. સાપેક્ષની વાત આવે, ત્યારે તે વ્યવહારની વાત છે- એમ સમજવું. જ્યારે નિરપેક્ષની વાત આવે, તે વાત નિશ્ચયની છે-એમ સમજવું. પરિણામની માટે, પરિણામની વાત છે, દ્રવ્યની વાત (નથી). જ્યારે રાગ આવે છે ને, રાગ. તો રાગ આવે છે, એની અંતગર્ભિત પર્યાયરૂપ પરિણમન શક્તિ છે. તે રાગ આવે છે, પર્યાયમાં. રાગ આવે છે (પર્યાયમાં). પર્યાય તો, ઉત્પાદ-વ્યય તો સ્વભાવ છે, અને રાગ એનું વિશેષણ છે. શું કહિયું? ઉત્પાદ-વ્યય તો આત્માની પર્યાયનો સ્વભાવ છે. સમજ્યા? પણ તે જે ઉત્પાદ પર્યાયરૂપ થઈ, પ્રગટ પર્યાય થઈ, ચારિત્રગુણની પર્યાય થઈ, તો એમાં રાગની યોગ્યતા છે, તો રાગ પ્રગટ થાય છે. તે આત્માથી (થયા) નથી અને ચારિત્રમોહના ઉદયથી પણ (થયા) નથી. એનું નામ ક્ષણિક અશુધ્ધ ઉપાદાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ:- સિધ્ધોમાં રાગ નથી. યોગ્યતા નથી રહી એમાં.

ઉત્તર:- નથી રહી. ખલાસ થઈ ગઈ. ખતમ થઈ ગઈ.

મુમુક્ષુ:- શું યોગ્યતા નથી સાહેબ?

ઉત્તર:- બિલકુલ નથી. યોગ્યતા જે હતી તે બધી ખતમ થઈ ગઈ.

મુમુક્ષુ:- રાગ જે થયો હતો, તે કર્મ સાપેક્ષ થયો હતો?

ઉત્તર:- નિરપેક્ષ થઈને કર્મ સાપેક્ષ થયો હતો. નિરપેક્ષ થઈને કર્મ સાપેક્ષ થયો હતો. કર્મથી રાગ નથી થતો. કર્મ તો નિમિત માત્ર હતો પોતાના ઉપદાનથી રાગ થાય છે. ત્રિકાલી ઉપદાનથી નહીં અને નિમિતથી પણ નથી થતો. તે નિરપેક્ષ એક સમયની પર્યાય સત્ છે, અહેતુક છે. ભાઈ! તે અશુધ્ધ પારિણામીકનો વિષય છે. તે નિમિતની સાપેક્ષ(તા)થી દેખો તો, નૈમિતિક છે. નિમિતની સાપેક્ષ(તા)થી દેખો રાગને તો નૈમિતિક છે. નિમિતથી નિરપેક્ષ દેખો ઉપાદાન, તો અશુધ્ધ પારિણામિક છે.

મુમુક્ષુ:- અશુધ્ધ પારિણામીક? આ વાત અહીથી....

ઉત્તર:- હાં! થઈ ગયુંને. ઠીક છે. આ જિનાગમમાં બધી વાતની ખુલાસા છે. બધી વાતના ખુલાસા છે. વાત એવી છે કે જો આતમાર્થી થઈને, આત્માના લક્ષથી, પોતાનું પ્રયોજન સિધ્ધ કરવું છે (એવા અભિપ્રાયથી અભ્યાસ કરે) સમજીને બીજાને સમજાવું છે, પંડિત બનવું છે અને વક્તા બનવું છે (એમ વિચારીને અભ્યાસ કરે), એને આત્મા હાથમાં આવાનો નથી. પોતાનું હિત કેવી રીતે થાય- એવું પોતાનું પ્રયોજન સિધ્ધ કરવા માટે, આત્માનુ લક્ષ રાખીને, આત્માનુ લક્ષ કાયમ રાખીને, જો શાસ્ત્ર સ્વાધ્યાય કરે છે, જિનેન્દ્ર ભગવાનની વાણી સાંભળે છે દેશના લબ્ધિ, તો એને સાચો માર્ગ મળી જાય છે. પોતાનું પ્રયોજન શું છે - એના ઉપર આધાર (આધારિત) છે બધુ.

મુમુક્ષુ:- પારિણામીક ભાવ ત્રિકાલ શુધ્ધ છે?

ઉત્તર:- તે દ્રવ્યના, દ્રવ્યના.

મુમુક્ષુ;- અને આ અશુધ્ધ પારિણામીક?

ઉત્તર:- આ દ્રવ્યનું પારિણામીક ત્રિકાલ શુધ્ધ છે. અને રાગ જે અશુધ્ધ પારિણામીક છે, ક્ષણિક અશુધ્ધ છે, અનિત્ય અશુધ્ધ છે.

મુમુક્ષુ:- તો પારિણામીકના બે ભેદ?

ઉત્તર:- હાં! પારિણામીકના બે ભેદ. એક શુધ્ધ પારિણામીક અને એક અશુધ્ધ પારિણામીક.

મુમુક્ષુ:- અશુધ્ધ પારિણામીક એટલે પર્યાયરૂપ?

ઉત્તર:- પર્યાયનો સ્વભાવ. પર્યાયનો વિભાવ સ્વભાવનુ નામ અશુધ્ધ પારિણામીક છે. પર્યાયનો વિભાવ સ્વભાવ, એટલે એનો ધર્મ. ધર્મ એટલે સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્ર નહીં. સમજમાં આવ્યું ભાઈ? સમજાણું? પર્યાયનો વિભાવ સ્વભાવ એનું નામ અશુધ્ધ પારિણામીક છે. કોઈ કાઈં પરની અપેક્ષા એમાં નહીં લેવાની. જો અપેક્ષા લ્યો તો વ્યવહાર થઈ ગયો. સમજાણું?

મુમુક્ષુ:- એ વ્યવહાર રહ્યો? શુધ્ધ, દ્રવ્યનો?

ઉત્તર:- પર્યાયનો. પર્યાયનો વ્યવહાર. ક્યારેક રાગ થયોને, તે તો નિરપેક્ષ થયો. પણ રાગ થાય છે, રાગ જ્યારે થાય છે, ત્યારે (પર્યાયને) આત્માનો લક્ષ નથી રહેતો. પરનો લક્ષ રહે છે. તો તે પરના લક્ષથી થયો -એમ સમજાવે છે. થાય છે પોતાની યોગ્યતાથી, પણ અજ્ઞાની જીવને સમજાવા

માટે, વ્યવહારદ્વારા જ નિશ્ચય સમજાવે છે. પર્યાયનો નિશ્ચય સમજાવા માટે ત્યાંથી સમજાવે છે। કે રાગ કેમ થાય છે? કે ચારિત્રનો ઉદય આવ્યો, એમાં જોડાઈ ગયી પર્યાય તો રાગ થઈ ગયો એનો અર્થ પર્યાય પરાધીન નથી. પર્યાય સ્વાધીન, તે એનો વિભાવ સ્વભાવ છે.

મુમુક્ષુ:- વિભાવ સ્વભાવ છે?

ઉત્તર:- હાં! વિભાવ સ્વભાવ છે. સ્વભાવનો અર્થ છે, ધર્મ. પર્યાયયે રાગને એક સમય માટે ધારણ (કરી) રાખ્યો છે. શું કહિયું? પર્યાયયે એક સમય માટે રાગને ધારણ (કરી) રાખ્યો છે, એટલે એનું ધર્મ, પર્યાયનો ધર્મ છે. એક સમય માટે રાગ (ને) આત્માને ધારણ (કરી) નથી રાખ્યો , પર્યાયયે ધારણ (કરી) રાખ્યો છે. પણ એક સમય માટે, બીજે સમયએ વીતરાગતા પ્રગટ થઈ જાય છે.

મુમુક્ષુ:- આત્માને તો એક સમય માટે પણ (રાગને) ધારણ જ નથી કર્યો.

ઉત્તર:- એક સમય માટે પણ હાં! (રાગને) ધારણ જ નથી કર્યો. એમાં રાગ ઘુસતો જ નથી. આહાહા! એકલો એવો કિલો છે, વિજ્ઞાનઘન સ્વભાવ છે. આત્મા, એમાં રાગનો પ્રવેશ થતો જ નથી. ઉપર-ઉપર રાગ હોય છે, ઉપર-ઉપર, આવે છે અને જાય છે, આવે છે અને જાય છે. ભગવાન આત્મા આવતો જ નથી અને જાતો પણ નથી. તે તો છે, છે અને છે. તે હું છું, તે હું છું. આવે છે, જાય છે, તે મારો સ્વભાવ નથી. હું તો જ્ઞાયક છું, સ્વભાવથી જ્ઞાયક છું.

નીલમની બા છેને, મમ્મી. મમ્મી છે ને. તે ત્યાં આવીથી, દેવલાલી. એને મસ્તી ચઢી ગઈ. હું તો સ્વભાવથી જ્ઞાયક છું. શું શબ્દ બોલતી હતી?

મુમુક્ષુ:- હું તો સ્વભાવથી જ્ઞાયક છું.

ઉત્તર:- હું તો સ્વભાવથી જ્ઞાયક છું, એમ, નિશ્ચય. કથનચિત નથી, સર્વથા. આત્મા સર્વથા શુધ્ધ છે, ભાઈ! શબ્દ શું આવ્યા? આત્મા બોલે છું હું હોં! હું શું બોલું છું? આત્મા ત્રણે કાળ શુધ્ધ છે. સર્વથા શુધ્ધ છે. આહાહા! આત્મા મલિન થતો નથી. પરિણામની અંદર મલિનતા પણ હોય છે અને મલિનતા ટળીને નિર્મળતા પણ આવે છે.

જેમ જલ છે ને પાણી, પાણી. પોતાની યોગ્યતાથી જે ઉષ્ણ થાય છે, પોતાની યોગ્યતા (થી) તે નિરપેક્ષ નિશ્ચય. અશુધ્ધ પારિણામીક, એનો ધર્મ અને એનો નિમિત અગ્નિ કહેવામાં આવે છે। સમજ્યા? પણ ઉષ્ણ પર્યાય થઈ તો પણ પાણી તો આહાહા! શીતલ, શીતલ, શીતલ, ઠંડા, ઠંડા. તો એમાં ટકાવારી કરોને થોડી. ભાઈ 'ના' બોલે છે. સમજમાં આવી ગયું. સો ટકા તે તો શીતલ જ છે, એમ છે.

હાં! ટકાકારી કરો તો પર્યાયમાં કરોને. કે પચાસ ટકા ઉષ્ણ, પંચોતેર ટકા, સોં ટકા ઉષ્ણ. એમાં તારતમ્યતા રહે છે પરિણામમાં. પણ દ્રવ્યમાં નહીં. હીનાધિકતા પર્યાયમાં હોય છે. હીનાધિકતા પર્યાયમાં તો હોય છે. સ્વભાવ તો, જેવા સિધ્ધ પરમાત્મા એવો હું છું. જો નિગોદ મેં સોં હીં મુજમે, સોં હીં મોક્ષ મંઝાર. નિશ્ચય ભેદ કછુ હે નાહીં, ભેદ ગિને સંસાર આહાહા!

મુમુક્ષુ:- હું જ્ઞાયકનો જ જ્ઞાયક (છું) અને જ્ઞાયક જ હું છું, તે?

ઉત્તર:- તે નિશ્ચય છે. જ્ઞાયકનો જ્ઞાયક વ્યવહાર છે. જ્ઞાયક જ છું, તે નિશ્ચય. સમજાવા માટે જ્ઞાયકનો જ્ઞાયક છે. એટલે જ્ઞેયનો જ્ઞાયક નથી- આટલું સમજાવા માટે, આત્મા, આત્માને જાણે છે,

(એમ કહે છે) સમજાણું? આત્મા, આત્માને જાણે છે. એમાં શું નિષેધ થયો? કે પરને જાણતો નથી. એવા ભેદરૂપ વ્યવહારથી સમજાવામાં આવે છે. પણ આત્મા આત્માને જાણે છે તો બે આત્મા તો છે જ નહીં. બે આત્મા તો છે જ નહીં. હોં! અને બેનું એક થઇ જાય છે. ભેદ નીકળી જાય છે. સમજ્યા?

મુમુક્ષુઃ- જ્ઞાયકનુ જ્ઞાયક છે, તે પર્યાય દ્રવ્યનું ભેદ થઇ ગયું?

ઉત્તરઃ- આ જે છેને જ્ઞાયક જ્ઞાયકનુ છે, જ્ઞાયક જ્ઞાયકનુ છે, તે ભેદથી સમજાવામાં આવે છે. પણ ભેદને સમજાવે ત્યારે રાગની ઉત્પતિ થાય છે. હું તો જ્ઞાયક જ છું, તો અનુભવ થઇ જાય છે. અનુભવના કાલમાં હું આત્માને જાણું છું, એવો ભેદ પણ નથી રહેતો. જાણે છે, પણ ભેદ ઉત્પન્ન હોતો નથી. સારી વાત છે, શિકોહાબાદમાં પ્રશ્ન સારા આવે છે. શું?

મુમુક્ષુઃ- તે તો મોટી અપૂર્વ દશા થઇ ગઈ, સાહેબ?

ઉત્તરઃ- અપૂર્વ દશા છે અને બધા કરી શકે છે. કોઈ કર્મ આડું આવતું નથી. શરીરનો રોગ અડતો નથી. આહાહા! તમારા ઘરમાં તમે જાવ છો, ક્યારે. તો May I come in Sir (એમ) બોલો છો? ઘરમાં જાવા માટે શું? એમ આત્માને દેખવામાં કોણ રુકાવટ કરે? હેં? કોઈ રુકાવટ કરવાવાળા જગતમાં નથી.

મુમુક્ષુઃ- એવી રુકાવટ કેમ થઈ રહી છે અનંતકાલથી?

ઉત્તરઃ- રુચિ નથી. એને વિશ્વાસ નથી. સંયોગમાં સુખ માને છે. સ્વભાવમાં સુખ છે, એવો નિર્ણય એને કર્યો નથી. પૈસામાં, લક્ષ્મીમાં, સત્તામાં, સારું મકાન, સારી મોટર, પોતાની ઇજ્જત સારી, પોતાની દીકરી અને દીકરાના લગ્ન સારા ઘરમાં થાય, રુપિયા લઈને આવે, એવી બહુ ગડબડ અંદર રહે છે.

મુમુક્ષુઃ- બહુંજ ગડબડ અંદર રહે છે.

ઉત્તરઃ- અંદર ગડબડ રહે છે તો ક્યાંથી અંદરમાં જાય આત્મા? એના અભિપ્રાયમાં જોઈએ તો બીજી ચીજો. આ જોઈએ, આ જોઈએ, આ જોઈએ, આ જોઈએ. અને આત્મા કેમ પ્રાપ્ત નથી થતો? આત્માની રુચિ નથી. ઉપર-ઉપરની રુચિ કામ નહિ આવે. અંદરની રુચિ અને તીવ્ર રુચિ અંદરમાં ઉપજે, તો વીર્ય અંદરમાં આવી જાય છે. રુચિ અનુયાયી વીર્ય.

મુમુક્ષુઃ- સાહેબ! ઉપર-ઉપરની રુચિ અને અંદરની રૂચિમાં અંતર શું છે?

ઉત્તરઃ- ઉપર-ઉપરની રુચિ તો બસ આ બધો પ્રવાહ ચાલે છેને, કે ચાલો આપણો સ્વાધ્યાય, ગુરુદેવ પધાર્યા છે, વ્યાખ્યાનમાં ચાલો. આહાહા! ઊંચી વાત આવી છે. આત્માની વાત ઊંચી, ઊંચી વાત શબ્દમાં રહે છે। બાકી અંદરમાં થોડી ઉતરે છે અને થોડી ઉતરે તો થોડા ટાઇમમાં છુટી જાય છે. આહાહા! ધૂળની અંદર અક્ષર લખે, ધૂળની અંદર. ધૂળ છે ને, જમીન. એમાં અક્ષર લખે, પોતાનું નામ. તો પવન આવે તો ભુસાઇ જાય છે. એની પાછળ વાંચવું જોઈએ. સમજાણું? CA ની પરીક્ષા આપે છે ને કોઈ. મુંબઇમાં બનાવ બન્યો. તો ચાલીશ વર્ષ સુધી એને (CA) ની પરીક્ષા દીધી. કંટાળો જ નથી આવતો (એને) પછી પાસ થઇ ગયો.

એમ આમાં કંટાળા ન આવો જોઈએ. આજે પ્રાપ્ત નથી થયો તો કાલે થશે. પરમ દિવસે થશે. વિશ્વાસ રાખો. પોતાની ચીજ છેને, પોતાની ચીજને પોતાને જોવાની છે। પોતાને કોઈ બહારથી

ચીજ લાવાની નથી. લાવાની વાત નથી. આત્મા મોંજૂદ છે, વર્તમાન. આહાહા! અંદર જોવાથી તે દેખવામાં આવે છે. બહાર જોવાથી તે અંદરવાળો દેખવામાં (નથી આવતો)

એક વાર અમારે રાજકોટમાં એવો પ્રશ્ન આવ્યો કે, આ ગુરુદેવ પ્રશંસા કરે છે. બધા(બધા) જ્ઞાની આત્માની પ્રશંસા કરે છે. થાકતા જ નથી. એમ આહાહા! આહાહા! કરે. સમજાણું? એવો આત્મા છે, તો ચોવીશ કલાક કરે શું છે આત્મા? આવો જે આત્મા છે, તો આત્મા ચોવીશ કલાક કરે શું છે? સમજાણું? તો મેં જવાબ આપ્યો કે દર્શન દેવા માટે રહે છે, દર્શન આપ્યા કરે છે. પણ તે દર્શન લેતો નથી. આહાહા! મંદિરમાં પ્રતિમાજી હોય, જે અંદરમાં જાય, એને દર્શન આપે. દર્શન દેવા માટે તો તૈયાર છે. પણ લેવાવાળો જોઇએ ને. એ દેવા માટે તૈયાર છે, પણ લેવાવાળો નથી. (લેવાવાળા ને) તો મળી જાય છે.

આત્માના દર્શનથી ધર્મની શરૂઆત થાય છે ભાઈ! તે સત્ય ક્રિયા છે. આત્માનું જ્ઞાન, આત્માનું શ્રધાન અને આત્માનું લીન આચરણ, બસ, તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. હાં! મોક્ષનો માર્ગ છે. પણ મોક્ષ નથી પુર્ણ થાતું, તો વચ્ચમાં, સાધકને પણ જાણવા માટે, જાણવા માટે, જાણવા માટે આવે છે રાગ. જાણવા માટે, અને જાણવા માટે આવે છે (રાગ), તો જાણે છે. બસ જાણ્યા (જ) કરે છે. આત્માને જાણતા જાણતા પરિણામને જાણે છે. બસ!

મુમુક્ષુ:- તમે સવારે વાત કરી હતી કે આત્મા

પરને નથી જાણતો. તો જ્ઞાયક, જ્ઞાયકના બળ ઉપર જ પરને નથી જાણતો?

ઉત્તર:- હાં! જ્ઞાયક, જ્ઞાયકનુ જ બળ રહે છે, અંદરમાં. કે મારા જ્ઞાનમાં સમય-સમય પર આબાળ - ગોપાળ સહુને આત્મા જ જાણવામાં આવે છે. સમજાણું? આત્માને જ્યારે એવું ઘુંટણ (રટણ) આવી જાય અંદરમાં, પહેલા વ્યવહાર શ્રધ્ધા, નિશ્ચય શ્રધ્ધાની પહેલા. મારા જ્ઞાનમાં આત્મા જ જાણવામાં આવે છે. ખરેખર તો પર જાણવામાં નથી આવતો. તે વાત એટલી ઊંચી છે, એટલી સુંદર છે કે, એની ચર્ચા કરવા જેવી છે. છોડવા જેવી નથી.

એક એનો સરળ ઉપાય આચાર્ય ભગવાને બતાવ્યો. એક અમિતગતિ આચાર્ય થઇ ગયા. જેણે યોગસાર નામનું શાસ્ત્ર લખ્યું છે. સમજાણું? આ યોગસાર નામનું શાસ્ત્ર, અમિતગતિ આચાર્યનું યોગસાર છે. સમજી ગયા? તો એમાં બહુજ સરળતાથી આત્માનો અનુભવ કેમ થાય-એવી વાત બતાવી છે. તો પહેલા તો દ્રષ્ટાંત દીધું એમાં કે આ જે પ્રકાશક દીપક, પ્રકાશક એટલે દીપક, પ્રકાશ એની પર્યાય, પ્રકાશ એટલે દ્રવ્યની પર્યાય. પ્રકાશક દ્રવ્ય અને પ્રકાશ એની પર્યાય. બરાબર છેને? ઠીક છે? અને ઘટ-પટ છે તે પ્રકાશ્ય છે, પ્રકાશ્ય. તો પ્રકાશ, ઘટને પ્રકાશ પ્રસિધ્ધ કરે છે, તો પ્રકાશ્ય. પ્રકાશક, પ્રકાશ અને પ્રકાશ્ય. સમજ્યા? તે તો સીધા દાખલા (દ્રષ્ટાંત) છેને. તો આચાર્ય ભગવાન કહે છે, ફરમાવે છે, કે જો પ્રકાશ છે, તે ઘટથી તો સર્વથા ભિન્ન છે. જે ભિન્નને પ્રસિધ્ધ કરે છે, ઘટને, ઘટને પ્રસિધ્ધ કરે છે (પ્રકાશ), અને જે પ્રકાશથી તે પ્રકાશક (દીપક) કથનચિત્ અભિન્ન છે, એને પ્રકાશિત નથી કરતો? તે તો અમને આશ્ચર્યની વાત લાગે છે. દ્રષ્ટાંત સમજાણું? હવે સિધ્ધાંત. ફરીથી બીજીવાર. કે પ્રકાશક દ્રવ્ય, પ્રકાશ પર્યાય, કોની? ઘડાની કે દીપકની? (દીપક) પાકુ? તે પર્યાય તો દીપકની છેને. ઘટની છે? નહીં. સર્વથા કે કથનચિત? (સર્વથા). ઘટની પર્યાય પ્રકાશીત થતી જ નથી.

પ્રકાશકની , સૂર્યનો જ પ્રકાશ હોય છે. સમજ્યા? તો તે જે ભિન્ન છે. ઘટ-પટ આદિ, તે એના પ્રકાશના માધ્યમથી, તને પરપદાર્થ દેખાય છે. અને જે પ્રકાશથી કથનચિત અભિન્ન છે દીપક, તે તને દેખવામાં નથી આવતો? અમને તો આશ્ચર્ય લાગે છે. સમજમાં આવ્યું? સમજમાં આવ્યું કે નહીં?

હવે બીજું, એના ઉપર જ એક દ્રષ્ટાંત હું આપું છું. હું ઘરનું દ્રષ્ટાંત (આપું છું) તે તો આચાર્ય ભગવાનની વાત મે કહી. હવે એના ઉપર ઘરનું દ્રષ્ટાંત આપું છું. કે એક વાર એવું થયું કે પ્રોફેસર સાહેબે, પ્રોફેસર અહીં બેઠા છે કે નહીં? આ પ્રોફેસર છે ને, બેઠા છે ને. તો પ્રોફેસર સાહેબે શું કર્યું એક વાર? કે પચાસ વિધ્યાર્થી હતાં, પચાસ. હોંશિયાર હોં! બુધ્ધિવાળો. એને કહિયું કે આજે તો રાતના પરીક્ષા આપવાની છે. તો રાતના હું પેપર આપીશ. એક કલાકનો ટાઇમ છે. એક કલાકની અંદર સહુના પેપર પૂરા થઇને મને દઈ દેવાના છે. મોટો હોલ હતો, પચાસ બેસી શકે બધા. પેપર કાઢ્યું કે - આ હોલમાં કઈ - કઈ ચીજ છે, લખીને આપજો. એટલું લખ્યું. શું લખ્યું? કે આ હોલમાં કઈ-કઈ ચીજ છે? જેટલી પણ ચીજ છે, તમારા ખ્યાલમાં આવે, લખી આપજો. બસ. સરળ વાત છે. તો પેપર કાઢ્યું એક કલાક, પોણા સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુ (જે હોલમાં હતી), સૂક્ષ્મમાં સૂક્ષ્મ પદાર્થ છે, નાનામાં નાની (વસ્તુ) પિન, એનું પણ એમાં લખ્યું. બધુ લખ્યું. હવે જોઈ-જોઇને લખ્યું બધાએ. સમજ્યા? હવે પેપર આવી ગયું. પેપર જોઇને જ ૫૦ નાપાસ (ફેલ). તો ધમાલ કરી નાખી, કે - સર ૫૦ ફેલ થઈ શકતા નથી. ૪૯ને નાપાસ કરો. અને નાપાસ કર્યા (છે) તો કારણ આપો અમને. Please sit down. શાંતિ રાખો જરા. પ્રોફેસર સાહેબે કહ્યું કે -આ જે તમે બધી ચીજ લખી પણ ટ્યૂબલાઇટ તમે ન લખી. તો નાપાસ (ફેલ) થઈ ગયા. શું કહ્યું? નાપાસ (ફેલ) થશે કે નહીં? સમજાણું?

આ ખરેખર તો ધર્મ સરળ છે. અધર્મ અઘરું છે. અધર્મ તો, આત્મા ઉપર બળાત્કાર કરે છે ત્યારે અધર્મની પ્રગટા થાય છે. આત્મા પર બળાત્કાર કરે છે. કર્તા નથી તો પણ, હું રાગનો કર્તા છું, બળાત્કાર કરે છે. હાં! તો અધર્મની દશા પ્રગટ થઈ જાઈ છે. ધર્મ તો સરળ છે, સહજ છે, સુગમ છે, સ્વાધીન છે, સ્વતંત્ર છે, આહાહા!

તો આ દ્રષ્ટાંત ઉપર હવે યોગસારના દ્રષ્ટાંત ઉપર હવે સિધ્ધાંત હું કહું.

આચાર્ય ભગવાન ફરમાવે છે કે જે એક જ્ઞાયક છે, આત્મા, જ્ઞાયાક છે. એની અંદર ઉપયોગ લક્ષણ સમય-સમય પર પ્રગટ થાય છે ને. **ઉપયોગો લક્ષણમ્**, છે કે નહીં તત્વાર્થ સૂત્રનું, સૂત્ર છે. **ઉપયોગો લક્ષણમ્.** ઉપયોગ પ્રગટ થાય છે. જ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાનની અંદર સ્વપરપ્રકાશ શક્તિ હોવાથી, તે પરપદાર્થ પણ અંદરમાં ઝળકે છે. પરપદાર્થને જાણે છે, એમ હું નથી બોલતો. પરપદાર્થ એમાં ઝળકે છે. અને જ્ઞાયક પણ એમાં ઝળકે છે. પ્રતિભાસ થાય છે, બેનો, સ્વછતાં છેને ઉપયોગમાં, તો પ્રતિભાસ તો થાય છે. તો આચાર્ય ભગવાન કહે છે (કે) તારા જ્ઞાનમાં આ શાસ્ત્ર જાણવામાં આવે છે. આ પ્રતિમા જાણવામાં આવે છે, દુકાન જાણવામાં આવે છે. જે (કે) જ્ઞાનથી ભિન્ન, જ્ઞાયકથી તો ભિન્ન છે જ દુકાન, પણ પ્રગટ થયા જ્ઞાનથી પણ ભિન્ન છે. રોટલી, દાળ, શાક, ભાત, તને દેખાય છે, જ્ઞાનથી જે ભિન્ન પદાર્થ છે, સર્વથા ભિન્ન. કથનચિત્ ભિન-અભિન્ન નહીં. એમ ભિન્ન પદાર્થ તને દેખાય છે અને એ જ્ઞાનથી આત્મા કથનચિત્ અનન્ય અભિન્ન છે, તે તને દેખવામાં નથી આવતો? અમને તો (આ વાતની બહુ) આશ્ચર્ય થાય છે. એટલી સરળ વાત, સરળ શબ્દોથી

બતાવી. આહાહા!

મુમુક્ષુ:- જે પ્રકાશથી પ્રકાશકને તેઓ જાણ્યું, એને તમે ભિન્ન કેવી રીતે કહો છો?

ઉત્તર:- ભિન્ન ક્યાં? અભિન્ન છે. કથનચિત અભિન્ન કહ્યું. ભિન્ન નહીં. એનાથી સર્વથા ભિન્ન.

મુમુક્ષુ:- પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. તો પ્રકાશ જે આવ્યું પ્રકાશકથી આવ્યું?

ઉત્તર:- પ્રકાશમાં, ત્રિકાળી દ્રવ્ય આવતું નથી. પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. પણ દ્રવ્ય જેવુ છે, એવું જ્ઞાન આવી જાય છે.

મુમુક્ષુ:- જેમ દર્પણમાં પ્રતિબિંબ આવી જાય છે, નથી આવી જાતું? એટલે પ્રતિબિંબ દર્પણમાં થોડો ગયો.

ઉત્તર:- પર્યાયનો પ્રકાશ જે છે, એમાં સૂર્ય આવતું નથી. પણ એ પ્રકાશ (ને) સૂર્યને પ્રસિદ્ધ કરવામાં કોઈ મુશ્કેલ છે? મુશ્કેલ નથી. એમ જ્ઞાનમાં, ઉપયોગમાં, આત્મા જાણવામાં આવી રહ્યો છે. જાણવામાં આવી રહ્યો છે. તો એને જાણી લેને? કેમ જાણતો નથી? અને અભિન્ન છે, તો જાણતો નથી, પણ ભિન્નને જાણે છે. આત્મા પરને જાણતો નથી. કેમ? કે પરપદાર્થ ભિન્ન છે.

અને બીજું, જો પરપદાર્થને જાણવાનો આત્માનો સ્વભાવ હોય, ખ્યાલ રાખવો હવે, જો સ્વભાવ હોય, તો હું દરેખને કહું છું, આજ સુધી તમે પરપદાર્થને તો જાણ્યા. નથી જાણ્યા? જાણ્યા. જાણ્યા. જો સ્વભાવ છે તો આનંદ આવો જોઈએ. આવ્યો? નથી આવ્યો. તો નિષેધ કર કે પરને જાણતો નથી. જાણનહારને જાણું છું. અને પ્રયોગ કર, આનંદ આવશે, આનંદ આવશે, નિશ્ચિત આવશે. અમારો છોકરો છે, ૫૮ વર્ષનો. સમજાણું? ભણેલો છે. તો એક વાર મુંબઇમાં એને મને પૂછ્યું. ઘણી ધમાલ થઈ હતી. મેં કહિયું કે આત્મા, જ્ઞાનમાં આત્મા જ જાણવામાં આવે છે, ખરેખર, ખરેખર (તો) પરપદાર્થ જાણવામાં આવતો નથી. તો ધમાલ મચી ગઈ આખા હિંદૂસ્તાનમાં અમારું નામ, ચકડોળે ચડી ગયું. આહાહા! કે લાલચંદભાઈ કહે છે પરને જાણતો નથી, તો સર્વજ્ઞ ભગવાન તો લોકાલોકને જાણે છે. જુઓ! જો પાકુ નથી તો મચક આવી જાશે તમને. સમજાણું?

તો (મારા દિકરાયે કહિયું કે) પિતાજી આ બધી ધમાલ છે, તો તમારી પાસે શું ન્યાય કાંઈ છે? કે આત્મા પરને નથી જાણતો અને આખું જગત કહે છે જ્ઞાન પરને જાણે છે. એક બાજું આખું જગત, એક બાજું તમે એકલા? તો શું વાત છે? કોઈ એમાં મર્મ છે, ન્યાય છે, યુક્તિ તમારી પાસે છે? મેં કહિયું કે-યુક્તિ છે. અનુભવની યુક્તિ હું આપને બતાવું છું. શાસ્ત્રનો આધાર નહીં આપું, સંસ્કૃતની વાત નહીં કહું, નય-નિક્ષેપ-પ્રમાણનો પ્રયોગ નહીં કરું. સમજાણું? ત્યારે તો બહુ ઊંચી વાત છે. અને ૫૮ વર્ષની ઉંમર થઈ તારી, પરપદાર્થને જાણતા-જાણતા. સમય ગયો? (તો બોલ્યો-) હાં! આનંદ આવ્યો? (તો બોલ્યો-) આનંદ તો નથી આવ્યો. તો પરને જાણવાનો જો સ્વભાવ છે, તો આનંદ આવો જોઈએ. તો એને કાન પકડી લીધા. બસ થઈ ગયું. ખલાશ.

નિષેધ કર કે મારા જ્ઞાનમાં જ્ઞાયક જ જાણવામાં આવી રહયો છે. આહાહા! આ વાત(નો) થોડો ટાઇમ પ્રયોગ તો કરો. પ્રયોગ કરીને પછી જો આત્મા જાણવામાં ન આવે, તો પરને જાણવા જાઓ. કોઈ બાધા નથી. પણ પ્રયોગ કરવાવાળાને આત્મા જાણવામાં આવે જ છે. હાં!

મુમુક્ષુ:- પંડિત યુગલકિશોરજીએ દેવલાલીમાં તમારા માટે ફરમાવ્યું હતું કે,

મુમુક્ષુ:- સ્વપરપ્રકાશ જ છે આત્મા, એના લીધે લાલચંદભાઈનુ નામ પણ છે અને બદનામ પણ છે.

ઉત્તર:- હાં! બદનામ પણ છે. નામ પણ છે અને બદનામ પણ છે. એમ યુગલજી સાહેબે બોલ્યા હતાં. બરાબર છે.

બોલો, પરમ ઉપકારી શ્રી સદ્‌ગુરુદેવનો જય!

સરળ છે, ધર્મ સરળ છે. અઘરું અજ્ઞાનીએ બનાવી રાખ્યું છે. અઘરું નથી. પોતાના સ્વરૂપ સમજવું ક્યાં અઘરું છે? જેમ સ્વરૂપ છે, એમ સમજવું (છે) સમજી લ્યો, વિપરીત નહીં સમજો. તે તો બધો સ્વાંગ છે, તે તો મનુષ્યની પર્યાયનો સ્વાંગ, કર્મનો સ્વાંગ, રાગનો સ્વાંગ, મોક્ષનો પણ સ્વાંગ જ છે, સ્વભાવ નથી. આહાહા! એમ છે. આત્મા મોક્ષસ્વરૂપ છે, ત્રિકાળ. જેની દ્રષ્ટિ દેવાથી આત્માનો અનુભવ થાય છે, એનું નામ અનુભવ મોક્ષમાર્ગ છે. અનુભવ એટલે કે અનુસરણ કરીને પરિણમન (કરવા)નું, એનું નામ અનુભવ એટલે ત્રણ ભાવ, સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યગચારિત્ર આવી જાય છે.